Extra No. 58

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **TUESDAY, JANUARY 27, 2026 / MAGHA 7, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૧૪મી ઓક્ટોબર, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીવી/૨૦૨૫નો ૩૭૧/યુડીયુએચડી/સીએમઓ/એમપીએમએલએ/૧૮/૨૦૨૪/૯૧૦૩/એમ સેક્શન-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેશ આર. રાઠોડ,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

Constitution of India

ભારતના સંવિધાન હેઠળ

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ઓક્ટોબર, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીવી/૨૦૨૫નો ૩૭૧/યુડીયુએચડી/સીએમઓ/એમપીએમએલએ/૧૮/૨૦૨૪/૯૧૦૩/એમ સેક્શન:- વિસ્તારોની વસ્તી, તેમાંની વસ્તીની ગીચતા, સ્થાનિક વહીવટ માટે પ્રાપ્ત થતું મહેસૂલ, બિન-કૃષિવિષયક પ્રવૃત્તિઓમાંના રોજગારની ટકાવારી અને વિસ્તારોની આર્થિક અગત્યતાને ધ્યાનમાં લેતાં, ડભોઇ નગરપાલિકાની વિદ્યમાન સ્થાનિક હદમાં અમુક વિસ્તારોનો સમાવેશ કરવાનું જરૂરી જણાયું છે.

તેથી, હવે, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ન ના ખંડ (૨) અને અનુચ્છેદ ૨૪૩ધ ના ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,

(૧) આ સાથે જોડેલી અનુસૂચિમાં દર્શાવેલા વિસ્તારોને નાના શહેરી વિસ્તારો તરીકે નિર્દિષ્ટ કરે છે; અને

(૨) આવા વિસ્તારોને ડભોઈ નગરપાલિકાના મ્યુનિસિપલ વિસ્તારો તરીકે જાહેર કરે છે અને સદરહુ વિસ્તારો ડભોઇ નગરપાલિકાનો ભાગ બનશે.

કોઇ સરકારી જમીન ડભોઇ નગરપાલિકામાં નિહિત થશે નહિ.

અનુસૂચિ

અનુક્રમાંક	ગ્રામ પંચાયત	સરવે નંબર
(૧)	(૨)	(૩)
૧	વેગા ગ્રામ પંચાયત	વેગા ગ્રામ પંચાયતના તમામ સરવે નંબર
૨	કજાપુર ગ્રામ પચાયત	કજાપુર ગ્રામ પચાયતના તમામ સરવે નંબર
૩	તરસાણા ગ્રામ પંચાયત	તરસાણા ગ્રામ પંચાયતના તમામ સરવે નંબર
૪	ટીંબી ગ્રામ પંચાયત	ટીંબી ગ્રામ પંચાયતના તમામ સરવે નંબર

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મનીષ સી. શાહ,

સરકારના નાયબ સચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.02.16 10:19:04 IST